INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

પ્રેસ નોટ

તારીખ: ૦૩ એપ્રિલ, ૨૦૨૬

## ગુજરાતમાં આદર્શ આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ: ચૂંટણી પંચની નિષ્ક્રિયતા પર પ્રશ્નચિહ્ન

- ચૂંટણી પંચની મુખ્ય જવાબદારી માત્ર આચારસંહિતા જાહેર કરવાની નથી, પરંતુ તેના કડક અને તાત્કાલિક અમલને સુનિશ્ચિત કરવાની છે. : હેમાંગ રાવલ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે આજે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી જાહેર થયા બાદ લાગુ થયેલી આદર્શ આચારસંહિતાના શાસક પક્ષ દ્વારા થઈ રહેલા ગંભીર અને વ્યાપક ઉલ્લંઘનો અંગે ચિંતાજનક મુદ્દાઓ ઉઠાવ્યા હતા.

હેમાંગ રાવલે જણાવ્યું હતું કે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩(ક) અને ૨૪૩(વક) મુજબ રાજ્ય ચૂંટણી આયોગને મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી યોજવાની સંવિધાનિક જવાબદારી સોંપવામાં આવી છે. ચૂંટણી જાહેર થતા જ આદર્શ આચારસંહિતા લાગુ પડે છે અને તે દરમિયાન સરકાર, શાસક પક્ષ અથવા જાહેર સંસ્થાઓ દ્વારા કોઈપણ પ્રકારનો રાજકીય પ્રચાર કે લાભ મેળવવાનો પ્રયાસ કાયદેસર રીતે પ્રતિબંધિત છે. છતાંય રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મળતી માહિતી દર્શાવે છે કે આ નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.

ચૂંટણી પંચની મુખ્ય જવાબદારી માત્ર આચારસંહિતા જાહેર કરવાની નથી, પરંતુ તેના કડક અને તાત્કાલિક અમલને સુનિશ્ચિત કરવાની છે. રાજ્ય ચૂંટણી આયોગે તમામ સરકારી વિભાગો, જાહેર ક્ષેત્રની સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ માર્ગદર્શન આપવું અને તેની અસરકારક દેખરેખ રાખવી આવશ્યક છે. જો આચારસંહિતાના ભંગની ઘટનાઓ સામે સમયસર કાર્યવાહી ન થાય, તો ચૂંટણીની નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉભા થાય છે.

હેમાંગ રાવલે આક્ષેપ કર્યો કે શાસક પક્ષના પ્રભાવ હેઠળ વિવિધ સરકારી અને અર્ધસરકારી વિભાગો પણ આદર્શ આચારસંહિતાનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે વિગતવાર ઉદાહરણો આપતા જણાવ્યું કે:

૧. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC)ની બસોમાં સરકારની યોજનાઓ સાથે વડાપ્રધાન અને મુખ્યમંત્રીના ફોટાઓ પ્રદર્શિત થઈ રહ્યા છે, જે જાહેર નાણાંના ઉપયોગથી પરોક્ષ પ્રચાર સમાન છે.

૨. રાષ્ટ્રીય અને સહકારી બેંકોમાં રાજકીય નેતાઓના ફોટા સાથેના બેનરો અને ATM માં જાહેરાતો હજી દૂર કરવામાં આવ્યા નથી.

૩. પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રોના બોર્ડ પર, શ્રમિક ભોજનના કેન્દ્રો પર વડાપ્રધાનશ્રીના અને મુખ્યમંત્રીશ્રીના ફોટા યથાવત્ છે.

૪. ધારાસભ્યો અને કોર્પોરેટરોના ફંડથી થયેલા વિકાસ કાર્યોમાં તેમના નામો અને ઓળખ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી રહી છે.

૫. શહેરો અને તાલુકાઓની જાહેર દીવાલો પર શાસક પક્ષના ચિહ્નો સાથે પેઈન્ટિંગ્સ જોવા મળે છે.

૬. રાજ્ય સરકારના વિવિધ વિભાગોની અધિકૃત વેબસાઈટ પર વડાપ્રધાન, મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓના ફોટા યથાવત્ પ્રદર્શિત થઈ રહ્યા છે.

૭. સરકારી કંપનીઓના પેટ્રોલ પંપ પર રાજકીય નેતાઓના ફોટાવાળા હોર્ડિંગ્સ અને બેનરો યથાવત્ છે.

૮. ખાનગી હોસ્પિટલો ખાતે આયુષ્યમાન યોજના સંબંધિત બોર્ડમાં વડાપ્રધાનનો ફોટો પ્રદર્શિત થઈ રહ્યો છે.

૯. વિવિધ સરકારી તથા ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં રાજકીય નેતાઓના ફોટા દૂર કરવામાં આવ્યા નથી.

આ તમામ ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે સંબંધિત વિભાગો, પરિવહન વિભાગ, નાણાંકીય સંસ્થાઓ, આરોગ્ય વિભાગ, શૈક્ષણિક તંત્ર, સરકારી કંપનીઓ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, આદર્શ આચારસંહિતાનો અમલ કરાવવામાં નિષ્ફળ રહ્યા છે. દરેક વિભાગના વડા અને સંબંધિત અધિકારીઓની ફરજ છે કે તેઓ ચૂંટણી પંચના આદેશોનું પાલન કરે અને કોઈપણ પ્રકારના રાજકીય પ્રચારને તરત દૂર કરે.

હેમાંગ રાવલે જણાવ્યું કે ચૂંટણી પંચે માત્ર માર્ગદર્શિકા જારી કરીને પોતાની જવાબદારી પૂર્ણ માનવી નહીં, પરંતુ રાજ્યવ્યાપી મોનિટરિંગ સિસ્ટમ ઉભી કરી, તાત્કાલિક તપાસ કરી અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. આ માટે જિલ્લા સ્તરે વિશેષ ટીમો રચવી, ૨૪ કલાકમાં રિપોર્ટિંગ મિકેનિઝમ અમલમાં મૂકવો અને ઉલ્લંઘન સામે દંડાત્મક પગલાં લેવા જરૂરી છે.

અંતમાં તેમણે રાજ્ય ચૂંટણી આયોગને કડક શબ્દોમાં અપીલ કરી કે આ સમગ્ર મુદ્દાને ગંભીરતાથી લઈને તાત્કાલિક અસરથી આદર્શ આચારસંહિતાનો કડક અમલ સુનિશ્ચિત કરવામાં આવે, નહીં તો કોંગ્રેસ પાર્ટી લોકશાહી અને ચૂંટણીની પવિત્રતા જાળવવા માટે વધુ કડક પગલાં લેવા મજબૂર થશે.

હેમાંગ મહિપતરામ રાવલ
પ્રવક્તા અને મીડિયા કોર્ડીનેટર
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

બીડાણ :

* આચાર સહિતા ઉલ્લંઘનના ફોટોગ્રાફ
* ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ચૂંટણી પંચને કરવામાં આવેલ ફરિયાદની નકલ